# સ્વર અને વ્યંજન

આપણા મનમાં રહેલા વિચારો દર્શાવવાનું સાધન એટલે ભાષા. હા, શરીરનાં અંગોના ઉપયોગ (હાવભાવ, ઇશારા વગેરે)થી કેટલોક વ્યવહાર ચલાવી શકાય, પણ આપણે જે કહેવું હોય એ સ્પષ્ટ અને બધું જ કહેવા માટે તો ભાષા જ જોઈએ. આપણી ગુજરાતી ભાષા એ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને ગુજરાતી– એમ ક્રમશઃ ઊતરી આવી છે.

આપણે જ્યારે અર્થસભર કશુંક બોલીએ છીએ ત્યારે એમાં વાક્યો હોય છે. વાક્યો એ શબ્દોની ગોઠવણીથી બને છે.

દા.ત.

રમેશ અત્યારે લખે છે.

આ વાક્ય ચાર શબ્દો મળીને બન્યું છે. એમાં એક શબ્દ છે- રમેશ. આ શબ્દમાં આપણને પ્રથમ નજરે તો ત્રણ ધ્વનિઓ સમજાય છે. ખરેખર તો આમાં ત્રણ નહીં પણ છ ધ્વનિઓ છે. જુઓ,

ર્ + અ + મ્ + એ + શ્ + અ = રમેશ.

આમ છ ટુકડાઓ મળીને આ શબ્દ બન્યો છે. આ પ્રત્યેક ટુકડો એટલે વર્ણ. ભાષાનો નાનામાં નાનો એકમ વર્ણ તરીકે ઓળખાય છે. વર્ણ એ મૂળ ધ્વનિઘટક છે; પછી તેના ભાગ થઈ શકતા નથી.

વર્ણ (ધ્વનિ) - અક્ષર - શબ્દ - પદ - વાક્ય

આ ધ્વનિઘટકો (મૂળાક્ષરો)ને આપણે બે વિભાગમાં વહેંચ્યા છે : સ્વર અને વ્યંજન.

- **સ્વર** : જેનો ઉચ્ચાર બીજા કોઈ પણ અક્ષરના ઉચ્ચારની મદદ વિના સ્વતંત્ર રીતે થાય તે અક્ષર એટલે સ્વર. સામાન્યતઃ અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, એ, ઐ, ઓ, ઔ, અં, અઃ - આ તેર સ્વર ગણાય છે. જો કે, કેટલાક વિદ્વાનો ‘અં’ અને ‘અઃ’ને સ્વર તરીકે ગણતા નથી, કારણ કે ‘અં’ એ ‘અ’નું નાકમાંથી થતું ઉચ્ચારણ (અનુનાસિક) છે, જેને ( ં ) ચિહ્નથી દર્શાવાય છે, જ્યારે ‘અઃ’ એ ‘અ’નું મહાપ્રાણ ઊંડા ઉચ્છ્વાસ

સાથે કંઠ દ્વારા થતું- ઉચ્ચારણ છે, જેને (:) ચિહ્નથી દર્શાવાય છે. એટલે જ શબ્દકોશમાં 'અ'થી શરૂ થતા શબ્દોની યાદી પૂરી થયા પછી 'અં'થી શરૂ થતા શબ્દો અને તે પછી 'અઃ'થી શરૂ થતા શબ્દોની યાદી મૂકવામાં આવે છે. સમજાવવા માટે એવું કહી શકાય કે જીભને આંગળીથી પકડીને જેટલા અવાજ કરી શકાય એ બધા સ્વર છે.

અ, ઇ, ઉ અને ઋ આ ચાર મૂળ સ્વર છે. બીજા સાધિત સ્વર અથવા સંયુક્ત સ્વર છે. કેટલાક સ્વરને બેવડાવવાથી, તો કેટલાકને એકબીજા સાથે જોડીને નવા સ્વર (સંધ્યક્ષર) રચવામાં આવ્યા છે. જુઓ,

અ+અ=આ, ઇ+ઇ=ઈ, ઉ+ઉ=ઊ, અ+ઇ=એ, અ+ઉ=ઓ,
અ+ઓ(અ+ઉ)=ઔ.

ઉચ્ચારણમાં લાગતા સમયની દૃષ્ટિએ સ્વરના બે પ્રકાર છે :

**૧. હ્રસ્વ સ્વર**

જેના ઉચ્ચારણમાં સમય ઓછો લાગે, એટલે કે જેનો સાંકડો ઉચ્ચાર થાય છે તે હ્રસ્વ સ્વર છે.

દા.ત.

અ, ઇ, ઉ અને ઋ.

**૨. દીર્ઘ સ્વર**

જેના ઉચ્ચારણમાં સમય વધુ લાગે, એટલે કે જેનો પહોળો ઉચ્ચાર થાય છે તે દીર્ઘ સ્વર છે.

દા.ત.

આ, ઈ, ઊ, એ, ઐ, ઓ અને ઔ.

ઉચ્ચારણ કરતી વખતે તે કયા સ્થાનેથી ઉચ્ચારાય છે એ દૃષ્ટિએ પણ સ્વરના બે પ્રકાર છે :

## (૧) સજાતીય (સવર્ણ) સ્વર :

એક જ સ્થાનેથી બોલાતા સ્વર સજાતીય કે સવર્ણ સ્વર કહેવાય છે. જેમ કે,
અ અને આ (અ અને આ એ બંને સજાતીય સ્વર છે.)

ઇ અને ઈ (ઇ અને ઈ એ બંને સજાતીય સ્વર છે.)

ઉ અને ઊ (ઉ અને ઊ એ બંને સજાતીય સ્વર છે.)

## (૨) વિજાતીય (અસવર્ણ કે વિવર્ણ) સ્વર :

જુદાં જુદાં સ્થાનેથી બોલાતા સ્વર વિજાતીય, અસવર્ણ કે વિવર્ણ સ્વર કહેવાય છે. જેમ કે,

અ, આના વિજાતીય સ્વર ઇ, ઈ, ઉ અને ઊ ગણાય.

ઇ, ઈના વિજાતીય સ્વર અ, આ, ઉ અને ઊ ગણાય.

ઉ, ઊના વિજાતીય સ્વર અ, આ અને ઇ અને ઈ ગણાય.

સ્વરના ઉચ્ચારણ કરતી વખતે મનના ભાવ, કહેવાનો ઇરાદો, હેતુ વગેરેને આધારે ક્યારેક સૂર-ભેદકતા પણ આવે છે. જુઓ,

**૧. જંક્ચર (Juncture)**

જંક્ચર એટલે ઉચ્ચારણમાં અર્થભેદક વિરામ. ઉચ્ચારણના ઘટકો ક્યારેક અટક્યા વિના સંધાય કે ક્યારેક તેને વચ્ચે અટકાવીને સાંધવામાં આવે છે. આવું બંધ કે ખુલ્લું જંક્ચર અર્થ બદલાવનારું બને છે.

દા.ત.

'આ મણિ લાલ છે.' *અને* 'આ મણિલાલ છે.'
'બાળકો નદી આગળ છે.' *(બાળકો ક્યાં છે?નો જવાબ) અને*
'બાળકો, નદી આગળ છે.' *(બાળકોને હકીકતની જાણ કરાય છે.)*
*વગેરે.*

ઉચ્ચારણથી આ ભેદકતા પારખી શકાય છે. અલ્પવિરામના ચિહ્નથી લેખનમાં પણ તેને દર્શાવી શકાય છે.

**૨. પ્લુતિ**

પ્લુતિ એટલે કથનના કોઈ ઘટકને લંબાણથી ઉચ્ચારવો તે. લેખનમાં તેને લંબાવવાના સ્વર પછી ત્રણ ટપકાં(...) દ્વારા દર્શાવવામાં આવે છે.

દા.ત.

'મને હવે <u>ઠીક</u> છે.' *(પ્રમાણમાં સારું છે.) અને*
'મને હવે <u>ઠી...ક</u> છે.' *(એકંદરે ઘણું નબળું છે.)*
'તમે આવ્યા <u>શા માટે?</u>' *(સહજ પ્રશ્ન પુછાયો છે.) અને*
'તમે આવ્યા <u>શા માટે...?</u>' *(થોડી નારાજગી સાથેનો પ્રશ્ન છે.)*

**૩. ભાર**

ભાર એટલે વિશેષ ધ્યાન અપાવવા માટે કોઈ ઘટક કે ભાગને વિશેષ બળથી ઉચ્ચારવો. લેખનમાં એ ભાગને નીચે લીટી કરીને લખવામાં આવે છે.

દા.ત.

'હું એને ત્યાં આવ્યો નથી.'
*(માત્ર હકીકતનું કથન છે.) અને*

'હું એને ત્યાં <u>આવ્યો</u> નથી.'
*(નહીં આવવાની હકીકત પર વજન મૂકતું કથન છે.)*

'ખુરશી પર તે આવીને બેઠો.'
*(માત્ર હકીકતનું કથન છે.) અને*

<u>ખુરશી</u> પર તે આવીને બેઠો.'
*(બીજે ક્યાંય નથી બેઠો, ખુરશી હકીકતના કેન્દ્રમાં છે.)*

અર્વાચીન ભાષાવિજ્ઞાનમાં ભાષાવિજ્ઞાની ડૉ. ટી. એન. દવે ગુજરાતીમાં આ મુજબ આઠ જ સ્વરો સ્વીકારે છે –

| જીભનું સ્થાન | અગ્ર | મધ્ય | પૃષ્ઠ (પાછળ) |
|---|---|---|---|
| ઉચ્ચ | ઇ | _ | ઉ |
| મધ્ય | એ | અ | ઓ |
| નિમ્ન | ઍ | આ | ઑ |

આ સ્વરોને જે તે વ્યંજન સાથે જોડવા માટે સ્વરોની જે નિશાનીઓ રચી છે તેનાં નામ અને પ્રતીક નીચેના કોષ્ટકમાં આપ્યાં છે. સાથે 'ક' મૂળાક્ષરને પ્રત્યયો કેવી રીતે લાગે છે તેનો એક નમૂનો પણ મૂક્યો છે.

| સ્વર | અ | આ | ઇ | ઈ | ઉ | ઊ | ઋ | એ | ઐ | ઓ | ઔ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નિશાની | - | ા | િ | ી | ુ | ૂ | ૃ | ે | ૈ | ો | ૌ |
| ઓળખ | - | કાનો | હ્રસ્વ અજજુ | દીર્ઘ અજજુ | હ્રસ્વ વરડુ | દીર્ઘ વરડુ | ઋકાર | એક માત્રા | બે માત્રા | કાનો, માત્રા | કાનો, બે માત્રા |
| નમૂનો | ક | કા | કિ | કી | કુ | કૂ | કૃ | કે | કૈ | કો | કૌ |

- વ્યંજન (વિ+અંજન)- જેનો ઉચ્ચાર કરવા માટે વિશેષ અંજન (ભેળવણી) કરવું પડે તે વ્યંજન છે. વ્યંજનમાં સ્વર ભળે છે ત્યારે જ તેનો સ્પષ્ટ ઉચ્ચાર થઈ શકે છે. ખરેખર વ્યંજન વર્ણ અડધો હોય છે. તેને હલન્ત કે ખોડો કહેવાય છે. તેમાં જ્યારે સ્વર ભળે છે ત્યારે તે પૂર્ણ (અક્ષર) બને છે.

દા.ત.

ક્ + અ = ક

ક્ + ઇ = કિ વગેરે.

કોષ્ટકમાં જુઓ 'ક'નો નમૂનો.

વ્યંજનોની કુલ સંખ્યા ૩૪ છે :

ક્, ખ્, ગ્, ઘ્, ઙ્, ચ્, છ્, જ્, ઝ્, ઞ્, ટ્, ઠ્, ડ્, ઢ્, ણ્, ત્, થ્, દ્, ધ્, ન્, પ્, ફ્, બ્, ભ્, મ્, ય્, ર્, લ્, વ્, શ્, ષ્, સ્, હ્ અને ળ્.

જ્યારે આપણાં ફેફસાંમાંથી ઉચ્છ્વાસિત હવા મુખમાં આવે છે, ત્યારે જીભ એ મુખનાં જુદાં જુદાં સ્થાનોએ સ્પર્શ કરીને હવાને રોકે છે. આ રોકાયેલી હવાને છોડવાથી જે જે ઉચ્ચારણો થાય છે તે બધા વ્યંજનો કહેવાય છે. આ કોષ્ટક દ્વારા આપણે જુદાં જુદાં પાંચ સ્થાનો પરથી ઉત્પન્ન થતા વ્યંજનોને સમજવાનો પ્રયત્ન કરીએ અને એના પ્રકારોને જાણીએ :

| ઉચ્ચારણ સ્થાન | સમજૂતી | અઘોષ | | ઘોષ | | અનુનાસિક |
|---|---|---|---|---|---|---|
| | | અલ્પપ્રાણ | મહાપ્રાણ | અલ્પપ્રાણ | મહાપ્રાણ | અલ્પપ્રાણ |
| કંઠ્ય | જીભનો પાછળનો ભાગ કંઠ પાસે જઈને હવાને રોકે છે. | ક્ | ખ્ | ગ્ | ઘ્ | ઙ્ |
| તાલવ્ય | જીભનો મધ્યભાગ તાળવા પાસે જઈને હવાને રોકે છે. | ચ્ | છ્ | જ્ | ઝ્ | ઞ્ |
| મૂર્ધન્ય | જીભનો આગળનો ભાગ મૂર્ધા (તાળવું અને દાંતની વચ્ચે)ને સ્પર્શ કરી હવાને રોકે છે. | ટ્ | ઠ્ | ડ્ | ઢ્ | ણ્ |
| દન્ત્ય | જીભનો આગળનો ભાગ ઉપરના દાંતને સ્પર્શ કરી હવાને રોકે છે. | ત્ | થ્ | દ્ | ધ્ | ન્ |
| ઓષ્ઠ્ય | બંને હોઠ એકબીજાનો સ્પર્શ કરી હવાને રોકે છે. | પ્ | ફ્ | બ્ | ભ્ | મ્ |

હવે આપણે આ જુદા જુદા વ્યંજનો વચ્ચેની ભેદકતાને સમજીએ :

માન્ય ગુજરાતી ભાષાના વ્યંજનોને આપણે જુદા જુદા વિભાગમાં વહેંચ્યા છે.

**૧. સ્પર્શ કે સ્ફોટક વ્યંજનો :**

જે વ્યંજનનો ઉચ્ચાર કરતાં જીભના જુદા જુદા ભાગો મુખમાંનાં જુદાં જુદાં સ્થાનોને સ્પર્શ કરે ત્યારે ઉચ્ચારાતા વ્યંજનો એટલે સ્પર્શ કે સ્ફોટક વ્યંજનો.

જેમ કે, ઉપર બતાવેલા કથી મ સુધીના પચીસ વ્યંજનો.

**૨. સંઘર્ષી વ્યંજનો :**

જીભનું ટેરવું પાછું વળીને પેઢાની નજીક ગોઠવાય અને હવા ઘસાઈને (સંઘર્ષ કરીને) બહાર આવે ત્યારે ઉચ્ચારાતા વ્યંજનો એટલે સંઘર્ષી વ્યંજનો. જેમ કે,

સ્ ષ્ શ્ અને હ્ (ચ્ છ્ જ્ અને ઝને પણ આ વિભાગમાં મૂકી શકાય.)

**૩. સ્પર્શ-સંઘર્ષી વ્યંજનો :**

ઉપરના બંને વિભાગમાં જેને મૂકી શકાય એવા વ્યંજનો એટલે સ્પર્શ-સંઘર્ષી વ્યંજનો. જેમ કે,

ચ્, છ્, જ્ અને ઝ્.

આ વ્યંજનો ઉચ્ચારતી વખતે જીભ તાળવાને સ્પર્શ તો કરે જ છે, ઉપરાંત હવા ઘર્ષણ સાથે બહાર આવે છે. એટલે તેનો સમાવેશ આ વિભાગમાં પણ કરી શકાય.

ઉચ્ચારણ સમયે હવાની ઝડપ, તેનો જુસ્સો અને નીકળતા અવાજની દૃષ્ટિએ વ્યંજનોના પ્રકારો જોઈએ :

**૧. ઘોષ વ્યંજન :**

જે વ્યંજનનો ઉચ્ચાર કરતી વખતે ગળામાં રહેલી નાદતંત્રીઓ ધ્રૂજે અને રણકા જેવો અવાજ થાય તે વ્યંજનો ઘોષ વ્યંજનો તરીકે ઓળખાય છે. જેમ કે,

ગ્, ઘ્, જ, ઝ્, ડ્, ઢ્, દ્, ધ્, બ્, ભ્, ય્, ર્, લ્, વ્ અને હ્.

**૨. અઘોષ વ્યંજન :**

જે વ્યંજનનો ઉચ્ચાર કરતી વખતે ગળામાં રહેલી નાદતંત્રીઓ સંપૂર્ણ બિડાયેલી રહે અથવા અવરોધ વિના હવા પસાર થઈ શકે એટલી ખુલ્લી હોય ત્યારે જે ઉચ્ચારી શકાય તે વ્યંજનો અઘોષ વ્યંજનો તરીકે ઓળખાય છે. જેમ કે,

ક્, ખ્, ચ્, છ્, ટ્, ઠ્, ત્, થ્, પ્, ફ્, શ્, ષ્, સ્, ળ્ અને વિસર્ગ (:)

આ બધા જ વ્યંજનોને ઉચ્છ્વાસ ઘૂંટાવાની દૃષ્ટિએ પણ આ બે વિભાગમાં મૂકી શકાય :

**૧. અલ્પપ્રાણ વ્યંજન**

પ્રાણ એટલે બળ. જે વ્યંજનનો ઉચ્ચાર કરતા શ્વાસ ઓછો ઘૂંટાય તે અલ્પપ્રાણ વ્યંજન કહેવાય. જેમ કે,

ક્, ગ્, ચ્, જ, ટ્, ડ્, ત, દ્, પ્, બ્, ય્, ર્, લ્ અને વ્

**૨. મહાપ્રાણ વ્યંજન**

જે વ્યંજનનો ઉચ્ચાર કરતા શ્વાસ વધારે ઘૂંટાય તે મહાપ્રાણ વ્યંજન કહેવાય. જેને અંગ્રેજીમાં લખતાં 'H' ઉમેરીએ છીએ. (ખ=kha), (ઘ=gha)

ખ્, ઘ્, છ્, ઝ્, ઠ્, ઢ્, થ્, ધ્, ફ્, ભ, શ્, ષ્, સ્ અને હ્

આ ઉપરાંત વિશેષ રીતે ઉચ્ચારાતા વ્યંજનોના પ્રકારો જોઈએ :

**૧. અનુનાસિક વ્યંજનો**

જે વ્યંજનો પોતાના સ્થાનેથી બોલાય ત્યારે નાકમાંથી પણ હવા પસાર થાય તેવા વ્યંજનો અનુનાસિક વ્યંજનો કહેવાય છે. જેમ કે,

ઙ્, ઞ્, ણ્, ન્ અને મ્.

**૨. અર્ધસ્વર કે અર્ધવ્યંજન કે અંતઃસ્થ**

સ્વરોના ઉચ્ચારણમાં હવા મુખના કોઈ ભાગ સાથે અથડાયા વિના સીધી જ બહાર આવે છે. જ્યારે મોટા ભાગના વ્યંજનોમાં જીભ મુખના કોઈ ને કોઈ ભાગ સાથે બરાબર સ્પર્શ કરે છે. જ્યારે 'ય'ના ઉચ્ચારણમાં જીભ તાળવાને અને 'વ'ના ઉચ્ચારણમાં બંને હોઠ સામાન્ય સ્પર્શ કરે છે. આમ આ બંનેનું ઉચ્ચારણ સ્વરની નજીકનું હોવાથી આ બંને અર્ધસ્વર-અર્ધવ્યંજન કે અંતઃસ્થ કહેવાય છે. 'ય'નું ઉચ્ચારણ 'ઇ' સ્વર જેવું અને

'વ'નું ઉચ્ચારણ 'ઉ' સ્વર જેવું લાગે છે. બોલી જુઓ –

વાયરો, કાયદો, આવજો, ખાવ વગેરે.

### ૩. પ્રકંપી વ્યંજન

'ર્'ના ઉચ્ચારણમાં જીભનો અગ્ર ભાગ દાંતની નજીક રહે છે અને જીભ કંપે છે એટલે તે દંત્ય પ્રકંપી વ્યંજન કહેવાય છે.

### ૪. થડકારાવાળો વ્યંજન

'ળ્'ના ઉચ્ચારણમાં જીભ મૂર્ધાનો સ્પર્શ કરીને ઝડપથી નીચે પછડાય છે માટે તેને થડકારાવાળો મૂર્ધન્ય વ્યંજન કહેવાય છે.

### ૫. પાર્શ્વિક વ્યંજન

'લ્'ના ઉચ્ચારણમાં જીભ દાંતને સ્પર્શ કરે છે ત્યારે ઊંધા નળિયા જેવો આકાર ધારણ કરે છે. હવા જીભના બંને પડખે ઘસાઈને બહાર નીકળે છે એટલે તે પાર્શ્વિક વ્યંજન કહેવાય છે.

આમ, ગુજરાતી ભાષામાં ક્થી ળ્ સુધીના કુલ ૩૪ વ્યંજનો છે. ક્ષ (ક્+ષ) અને જ્ઞ (જ્+ઞ) બંને મૂળાક્ષરો નથી, પણ સંયુક્ત-અક્ષરો કે જોડાક્ષરો છે.

## જોડાક્ષરો

જોડાક્ષર એટલે જોડાયેલા વ્યંજનો. બે કે વધુ વ્યંજનો એકબીજા સાથે જોડાય, પણ એમની વચ્ચે સ્વરની ગેરહાજરી હોય ત્યારે આવું જોડાણ જોડાક્ષર તરીકે ઓળખાય છે. જોડાક્ષર માટે યુક્તાક્ષર, સંયુક્તાક્ષર કે સંયુક્ત વ્યંજન વગેરે શબ્દો પણ વપરાય છે. ગુજરાતી લિપિમાં આવા વિશિષ્ટ જોડાક્ષરો વપરાશમાં છે.

સંસ્કૃતની લિપિ દેવનાગરી છે. આપણી લિપિ મૂળ સંસ્કૃતમાંથી ઊતરી આવી છે. એટલે ગુજરાતી લિપિમાં આજે કેટલાક જોડાક્ષરો મૂળ દેવનાગરી પ્રમાણે જ ચાલુ રહ્યા છે. જો થોડો અભ્યાસ ન હોય તો કેટલાક જોડાક્ષરો કયા કયા વ્યંજનોનું જોડાણ છે તે પણ ઘણી વખત પારખી શકાતું નથી. પરિણામે લખવામાં અને બોલવામાં ખોટાં લેખન-ઉચ્ચારણ થતાં રહે છે. આપણે જોડાક્ષરો વિષે સમજીએ :

જોડાક્ષરમા બે કે વધારે વ્યંજન અને અંતે સ્વર આવે છે.

દા.ત.

ક્ + ર્ + અ = ક્ર, દ્ + વ્ + અ = દ્વ

આ જોડાક્ષરો લખવાની જુદી જુદી શૈલી આપણી લિપિમાં દૃઢ બની છે. આપણે તેને વર્ગીકૃત રીતે સમજીએ તો,

૧. સદંડી વ્યંજનનો દંડ દૂર કરીને તેનું બીજા વ્યંજન સાથે જોડાણ કરાય છે.

દા.ત.

ખ્, ગ્, ઘ્, ચ્, ઞ્, ણ્, ત્, થ્, ધ્, ન્, પ્, બ્, ભ્, મ્, ય્, લ્, વ્, શ્, ષ્ અને સ્ *(આ વ્યંજનોને દંડ હોવાથી તે સદંડી વ્યંજનો કહેવાય છે.)*

**નાખ્યા** – અહીં 'ખ'નો દંડ દૂર કરી તેને 'ય' સાથે જોડવામાં આવ્યો છે.

**ઉત્સવ** - અહીં 'ત'નો દંડ દૂર કરી તેને 'સ' સાથે જોડવામાં આવ્યો છે.

**વિશેષ ઉદાહરણ**

રમ્ય, વિઘ્ન, અમ્બા, અષ્ટક, પ્રગલ્ભ, અબ્ધિ, યુગ્મ, રસ્સી, ઓચ્છવ, આપ્યો વગેરે.

૨. અદંડી વ્યંજનમાં જોડાણ કરવાની જુદી જુદી પરંપરા આ મુજબની રહી છે :

ક્, ઙ્, છ્, જ, ઝ, ટ્, ઠ્, ડ્, ઢ્, દ્, ફ્, ર્, હ્ અને ળ્ (આ વ્યંજનોને દંડ ન હોવાથી તે અદંડી વ્યંજનો કહેવાય છે.)

કેટલાક અદંડી વ્યંજનોનું તેના મધ્યદંડની સાથે જોડાણ કરાય છે. જેમ કે,

**વાક્ય** – અહીં ‘ક’ના મધ્ય દંડ સાથે ‘ય’ને જોડવામાં આવ્યો છે.

**ફ્લાઇટ** - ‘ફ’ના મધ્ય દંડ સાથે ‘લ’ને જોડવામાં આવ્યો છે.

ફ્યૂઝ, અક્કલ, નફ્ફટ, ક્લાન્ત, કક્કો વગેરે.

કેટલાક અદંડી વ્યંજનોને એકબીજાને અડકાડીને લખાય છે. જેમ કે,

**જ્યોત** – ‘જ’ ને ‘ય’ સાથે અડકાડીને લખ્યો છે.

**કંઠ્ય** – ‘ઠ’ ને ‘ય’ સાથે અડકાડીને લખ્યો છે.

કાઢ્યું, જડ્યું, ઉજ્જડ, જ્વર, છ્યાસી વગેરે.

કેટલાક અદંડી વ્યંજનને પોતાની જ સાથે જોડવામાં આવે ત્યારે ઉપર-નીચે લખવામાં આવે છે.

**ભટ્ટ** – ટ ને ટ સાથે નીચે જોડીને લખવામાં આવે છે.

**પઠ્ઠો** – ઠ ને ઠ સાથે નીચે જોડીને લખવામાં આવે છે.

છટ્ઠી, ઉડ્ડયન, વઢ્ઢી, પટ્ટી, મુદ્દા, ચિઠ્ઠી વગેરે.

જ્યારે જોડાણ બરાબર સ્પષ્ટ ન દર્શાવી શકાય ત્યારે કેટલીક વખત અદંડી વ્યંજનોને હલન્ત નિશાનીથી જોડાયેલા બતાવવામાં આવે છે. જેમ કે,

ષટ્કોણ, ષડ્યંત્ર, ઉચ્છ્વાસ, વાક્છટા, ખડ્ગ, તજ્જ્ઞ, વગેરે.

કેટલાક સદંડી અને અદંડી વ્યંજનોને અન્ય વ્યંજનો સાથે જોડતાં મૂળ વ્યંજનો અસ્પષ્ટ બની જુદી જ આકૃતિ ધારણ કરે છે. જે મોટાભાગના દેવનાગરી લિપિમાંથી સીધા જ સ્વીકારેલા છે. આવા જોડાક્ષરોનાં લેખનમાં ભૂલ થાય છે, પરિણામે ઉચ્ચારણમાં પણ ખાસ્સી ભૂલ થાય છે.

જેમ કે,

- દ્ + ધ = દ્ધ — ઉદ્ધાર, ઉદ્ધત, સમૃદ્ધ, અનિરુદ્ધ, શુદ્ધ, ક્રુદ્ધ, યુદ્ધ, વૃદ્ધ, જીર્ણોદ્ધાર, પુનરુદ્ધાર, રિદ્ધિ, સમૃદ્ધિ, બુદ્ધિ, વિદ્ધ (વીંધાયેલું), યોદ્ધો, સિદ્ધાંત, રુદ્ધ (રોકાયેલું), પ્રસિદ્ધ, પ્રબુદ્ધ (જાગેલું) શ્રદ્ધા, વિરુદ્ધ, નિષિદ્ધ વગેરે.
- ધ્ + ધ = ધ્ધ — અધ્ધર, સધ્ધર, સુધ્ધાં, ઓધ્ધો (હોદ્દો), જોધ્ધો, ઉધ્ધડ, સિધ્ધાર્થ, ગધ્ધાવૈતરું વગેરે.
- દ્ + વ = દ્વ — દ્વારા, દ્વિધા, દ્વીપ (બેટ), વિદ્વાન, દ્વૈત, દ્વારપાલ, દ્વેષ, દ્વિપ (હાથી), દ્વારકા વગેરે.
- દ્ + ર = દ્ર — દ્રાક્ષ, દ્રોહ, દ્રષ્ટા, દરિદ્ર, નિદ્રા, રૌદ્ર, દ્રવિડ, મહેન્દ્ર, નરેન્દ્ર વગેરે.
- દ્ + મ = દ્મ — પદ્મ, સદ્મ (ઘર), છદ્મ (ઢોંગ, બનાવટ) વગેરે.
- દ્ + દ = દ્દ — મુદ્દલ, મુસદ્દો (ખરડો), વદ્દી, મુત્સદ્દી, જિદ્દી, મુદ્દો, ખદ્દડ (ઘટ્ટ, જાડું) વગેરે.
- દ્ + ય = દ્ય — વિદ્યાર્થી, ખાદ્ય, વિદ્યા, મદ્ય (દારૂ), વાદ્ય, દ્યુતિ (તેજ), યદ્યપિ (જોકે), ઉદ્યોગ, સદ્ય (તરત), વિદ્યુત વગેરે.
- ધ્ + ય = ધ્ય — ઉપાધ્યાય, અધ્યાપક, સ્વાધ્યાય, અધ્યાય, મધ્યાહ્ન, વિંધ્ય, અધ્યયન, આધ્યાત્મિક વગેરે.
- શ્ + ર = શ્ર — શ્રવણ, શ્રીમાન, વિશ્રાંતિ, વિશ્રામ, વિશ્રંભ

(વિશ્વાસ), શ્રુતિ (ધ્વનિ), શ્રેય (કલ્યાણ) વગેરે.

- શ્ + વ = શ્વ, શ્વ અશ્વિન, વિશ્વ, શ્વાન, શ્વેત, ઈશ્વર, શ્વાસ, વૈશ્વાનર, શ્વસુર (સસરા), શ્વશ્રૂ (સાસુ) વગેરે.
- શ્ + ચ = શ્ચ, શ્ચ આશ્ચર્ય, પશ્ચિમ, પશ્ચાત્તાપ, પશ્ચાદ્ભૂમિ, નિશ્ચય, નિશ્ચિત, નિશ્ચે (ચોક્કસ) વગેરે.
- હ્ + ન = હ્ન મધ્યાહ્ન, ચિહ્ન, વહ્નિ (અગ્નિ), આહ્નિક (દૈનિક) વગેરે.
- હ્ + ય = હ્ય કહ્યું, નાહ્યો, ચાહ્યો, અસહ્ય, વહ્યું વગેરે.
- હ્ + મ = હ્મ બ્રહ્મદેશ, બ્રહ્માંડ, બ્રહ્મજ્ઞાન, બ્રહ્મચર્ય, બ્રાહ્મણ વગેરે.
- હ્ + ર = હ્ર હ્રસ્વ, હ્રાસ, હ્રીમ (લક્ષ્મીનો બીજ મંત્ર) વગેરે
- પ્ + ર = પ્ર પ્રાચીન, પ્રાથમિક, પ્રવીણ, પ્રલય, પ્રેરણા, પ્રણ વગેરે.
- ત્ + ત = ત્ત મહત્ત્વ, નિવૃત્તિ, સત્તા, તત્ત્વ, પ્રવૃત્તિ, કુત્તા વગેરે.
- ત્ + ર = ત્ર કૃત્રિમ, ત્રાક, ત્રીસ, સ્ત્રી, ક્ષેત્ર, અસ્ત્ર, શસ્ત્ર વગેરે.
- સ્ + ર = સ્ર સ્રાવ, સ્રોત, સહસ્ર (હજાર), સ્રગ્ધરા (એક છંદ), તમિસ્ર (અંધકાર), હિંસ્ર (હિંસક), સ્રષ્ટા (રચનાર), સ્રવવું, સ્રજ (માળા, ફૂલનો હાર) વગેરે.
- સ્ + ત્ + ર = સ્ત્ર સ્ત્રી, અસ્ત્ર, શસ્ત્ર, વસ્ત્ર, સ્ત્રૈણ વગેરે.
- ક્ + ષ = ક્ષ ક્ષતિ, ક્ષાર, ક્ષમા, રક્ષા, ક્ષેત્રપતિ (ખેડૂત) વગેરે.
- જ્ + ઞ = જ્ઞ જ્ઞાન, જ્ઞાતિ, પ્રજ્ઞા, વિજ્ઞાન, જ્ઞાતા (જાણકાર) વગેરે.

'ર' વ્યંજન જ્યારે હલંત લખવાનો આવે ત્યારે થતું જોડાણ જરા વિશિષ્ટ છે. જેમ કે

ધર્મ = ધર્મ, સૂર્ય = સૂર્ય, પૂર્તિ = પૂર્તિ, કર્મ = કર્મ, ચૂર્ણ = ચૂર્ણ વગેરે.

આ ઉદાહરણોમાં 'ર' હલંત છે તે રેફ સ્વરૂપે પછીના અક્ષર પર મુકાય છે.

હવે આ ઉદાહરણો જુઓ.

પ્રવીણ = પ્રવીણ, સહસ્ર = સહસ્ર, નમ્ર = નમ્ર, વ્યગ્ર = વ્યગ્ર

– આ ઉદાહરણોમાં (પ્ર, સ્ર, મ્ર, ગ્ર વગેરેમાં) આખા દેખાતા વ્યંજનો હકીકતમાં હલન્ત છે અને નહીં દેખાતો ‘ર’ એ ખરેખર આખો છે. આમ ‘ર’ની પૂર્વે કોઈ હલન્ત વ્યંજન જોડાય છે ત્યારે એ હલન્ત વ્યંજનને આખો લખી તેની નીચે /(તિરકસ) નિશાની કરવામાં આવે છે.

હા, દંડ વગરનો અક્ષર જો ‘ર’ની પૂર્વે જોડાય તો એ વ્યંજનને આખો લખી તેની નીચે ‘ ્ર’ નિશાની કરવામાં આવે છે.

દા.ત.

સૌરાષ્ટ્ર = સૌરાષ્ટ્ર, ટર્મ્પ = ટ્રમ્પ, દર્વ્ય = દ્રવ્ય,
ડર્મ = ડ્રમ,

*** સ્વરયુક્ત મૂળાક્ષર :**

જો વ્યંજન સાથે ‘ઋ’ સ્વર જોડાયેલો હોયો તો જોડાનાર વ્યંજન આખો લખી નીચે ‘ ૃ’ નિશાની કરવામાં આવે છે.

જેમ કે,

| | | |
|---|---|---|
| ક્ + ઋ = કૃ | - | કૃષ્ણ, કૃપા, કૃષિ, કૃમિ |
| દ્ + ઋ = દૃ | - | દૃષ્ટિ, દૃક્કાચ, દૃષ્ટાંત, સુદૃઢ, સાદૃશ્ય, દૃશ્ય, દૃષ્ટિબિંદુ |
| શ્ + ઋ = શૃ | - | શૃંગ, શૃંગાર, શૃગાલ (શિયાળ) |
| હ્ + ઋ = હૃ | - | હૃદય, હૃષ્ટપુષ્ટ, હૃષીકેશ, હૃદયેશ્વરી |
| ઘ્ + ઋ = ઘૃ | - | ઘૃત (ઘી), ઘૃણા (તિરસ્કાર) |
| ત્ + ઋ = તૃ | - | તૃતીય, તૃપ્તિ, તૃષ્ણા, તૃષા |

# શબ્દ અને નામ

આપણે જોયું કે ભાષાનું સૌથી નાનું એકમ એટલે વર્ણ. તેમાં સ્વર ભળતા અક્ષર બને છે. જે તે ભાષક સમાજે યાદચ્છિક રીતે વસ્તુ-પદાર્થ-ક્રિયા વગેરેને ઓળખવા માટે જુદા જુદા અવાજ નક્કી કર્યા છે. એ અવાજ (સૂર) મુજબ અક્ષરો-જોડાક્ષરોની નિયત ગોઠવણીથી શબ્દનું લિખિત સ્વરૂપ રચાય છે. આવો જે તે સૂર સૂચવતો ખંડ એટલે જ શબ્દ.

આવો શબ્દ (ખંડ) એક અક્ષરનો પણ હોય અને એકથી વધારે (એકાધિક) અક્ષરોનો પણ હોય. ગુજરાતી ભાષામાં - હા, ના, જી, ઘી, પી, હું, તું, લે, લો, દે, દો, ચા, મા વગેરે એકાક્ષરી શબ્દો છે. તો એકથી વધારે અને પાંચ સુધીના અક્ષરો ધરાવતા હોય તેવા તો અઢળક શબ્દો છે. વધારેમાં વધારે કેટલા અક્ષરો શબ્દમાં હોય એવો કોઈ બંધ નિયમ નથી, પણ છ કે તેથી વધુ અક્ષરો હોય તેવા શબ્દો ગુજરાતીમાં ઓછા છે.

જે શબ્દ જે ભાષામાં કોઈ અર્થનો વાહક હોય તેને જ તે ભાષાનો શબ્દ કહેવાય છે. ગમે તેમ અક્ષરોને ભેગા બેસાડી દેવાથી તે શબ્દ બની જતો નથી. જેનો કોઈ જ અર્થ જે ભાષામાં ન થતો હોય એને એ ભાષાનો ‘શબ્દ’ કહેવાય નહીં.

દા.ત. મ, ળ અને ક –આ ત્રણ અક્ષરોને જો ભેગા કરીને ‘મળક’ બનાવીએ કે ‘ળમક’ બનાવીએ તો તે ગુજરાતી ભાષાનો શબ્દ નહીં કહેવાય. કારણ કે, ગુજરાતી ભાષામાં એવો કોઈ ‘સૂર’ અર્થ સૂચવતો નથી. પણ હા, ‘કમળ’ એમ જો અક્ષરો ગોઠવીએ તો એનો અર્થ ‘પાણીમાં થતું એક સુંદર ફૂલ’ એવો થાય છે. આમ ‘કમળ’ ને ગુજરાતી ભાષાનો શબ્દ કહેવાય. ટૂંકમાં, જે અક્ષર કે અક્ષર-સમૂહનો અર્થ પ્રગટે તે અક્ષર એટલે ‘શબ્દ’.


શબ્દના સ્વરૂપને આધારે તેના વિવિધ પ્રકારો નક્કી કરવામાં આવ્યા છે.

## શબ્દના પ્રકારો :

શબ્દના મૂળમાં જઈએ તો એના બે પ્રકાર પાડી શકાય :


### ૧. વિકારી શબ્દ (વ્યયી કે આખ્યેય)

- જે શબ્દના રૂપમાં ફેરફાર થઈ શકે તે વિકારી શબ્દ કહેવાય. સમય-સંજોગ મુજબ તે શબ્દના સ્વરૂપમાં ફેરફાર કરી શકાય છે. આ શબ્દ વાક્યનાં અન્ય પદો સાથે લિંગ, વચન કે વિભક્તિ મુજબ પોતાનામાં ફેરફાર કરી લે છે.
- જેમ કે, સારો માણસ, સારી ખુરશી, સારું ટમેટું, સારાં કેળાં (અહીં 'સારા' એ વિકારી શબ્દ છે).
- એક કેળું, ત્રણ કેળાં, કેળાની છાલ (અહીં 'કેળું' એ વિકારી શબ્દ છે).




### ૨. અવિકારી શબ્દ (અવ્યયી)

જે શબ્દના રૂપમાં ફેરફાર જ ન થાય તે અવિકારી શબ્દ કહેવાય. તે વાક્યનાં અન્ય પદો મુજબ પોતાનામાં ફેરફાર કરતા નથી. તે નિપાત, અવ્યય વગેરે નામથી ઓળખાય છે.




નિપાતો એ પણ અવિકારી શબ્દો જ છે.

ઉપર આપણે જોયું કે, ગમે તે ક્રમમાં અક્ષરો ગોઠવવાથી શબ્દ બને નહીં, તો ગમે તે ક્રમમાં શબ્દો ગોઠવવાથી વાક્ય બની જાય ખરું...? પ્રયત્ન કરી જોઈએ :

૧. નીચે લીમડા બેઠો છે મોર.

૨. આવ્યો હું એટલે તડકો જાગી ગયો.

૩. અક્ષરધામ કયા આવેલું છે શહેરમાં?

૪. હતો મારવાડમાં એક વેપારી ઉદો નામનો રહેતો.

અહીં શબ્દો બાજુ બાજુમાં મૂક્યા છે, પણ તેનાથી શું કહેવા માગે છે તે સ્પષ્ટ સમજાતું નથી. કારણ કે સમજ્યા વગર શબ્દોને ગમે તે ક્રમે લખવામાં આવ્યા છે. માટે આ ચારેય ગુજરાતી ભાષામાં વાક્ય કહેવાય નહીં. જો એને વાક્યો બનાવવાં હોય તો યોગ્ય ક્રમમાં લખવા જોઈએ. ચાલો આપણે સમજપૂર્વક તેને યોગ્ય રીતે ગોઠવીએ –

૧. લીમડા નીચે મોર બેઠો છે.

૨. તડકો આવ્યો એટલે હું જાગી ગયો.

૩. અક્ષરધામ કયા શહેરમાં આવેલું છે?

૪. મારવાડમાં ઉદો નામનો એક વેપારી રહેતો હતો.

હવે સ્પષ્ટ અર્થ સમજાય છે. એટલે આ ચારેય લીટીના શબ્દસમૂહોને વાક્યો કહી શકાય. આમ સંપૂર્ણ અર્થ સમજાય તે રીતે (સાર્થક) ગોઠવેલા શબ્દો (પદો)થી જ વાક્ય બની શકે. કોઈ પણ શબ્દ જ્યારે વાક્યમાં વપરાય ત્યારે તે શબ્દ પદ તરીકે ઓળખાય છે. એટલે વાક્ય ખરેખર પદોનો સમૂહ છે તેમ કહેવાય. તમને પ્રશ્ન થશે કે તો પછી શબ્દકોશને 'પદકોશ' કહી શકાય? ના, તે શબ્દકોશ જ છે. એમાંના શબ્દોને ફેરફાર વિના મૂકી દેવાથી વાક્ય બનતું નથી. કોશના શબ્દોને જાતિ, વચન, વિભક્તિ વગેરે સૂચવતા પ્રત્યયો લાગે પછી જ તે પદ બને છે અને તેના વડે વાક્ય બને છે.

થોડાં પદો ક્રમમાં ગોઠવ્યાં હોય, પણ તેમાંથી સંપૂર્ણ અર્થ ન સમજાતો હોય તો તેટલાં પદોને કારણે તેને વાક્ય કહી શકાય નહીં. જુઓ...

૧. અમે બધાં આવતી કાલે પ્રવાસમાં

૨. ભાવનગર જિલ્લાનું પાલીતાણા જૈનોનું

૩. નરસિંહ મહેતાની કર્મભૂમિ જૂનાગઢ

૪. ગૌતમ બુદ્ધનું બાળપણનું નામ

આ ચારમાંથી કોઈ વાક્ય નથી કારણ કે એકેયમાંથી કશો જ અર્થ સ્પષ્ટ થતો નથી. એમને વાક્ય બનાવવાં હોય તો આ રીતે પદો ઉમેરીને તેમાંથી વાક્યો બનાવી શકાય :

૧. અમે બધાં આવતી કાલે પ્રવાસમાં આબુ પર જવાનાં છીએ.

૨. ભાવનગર જિલ્લાનું પાલીતાણા જૈનોનું એક મોટું તીર્થધામ છે.

૩. નરસિંહ મહેતાની કર્મભૂમિ જૂનાગઢ શહેર ગણાય છે.

૪. ગૌતમ બુદ્ધનું બાળપણનું નામ સિદ્ધાર્થ હતું.

આપણે કોઈ પણ વસ્તુ વિષે વાત કરવી હોય ત્યારે મોટા ભાગે તેના ‘નામ’ વગર ચલાવી શકતાં નથી. દરેકનું કંઈક-કોઈક નામ તો હોય જ છે. જો વસ્તુ-પદાર્થ સાવ નવાં જ હોય તો પણ સમજવા માટે જે તે ભાષક-સમાજ તેનું નામ તો પાડી જ દે છે. એ સિવાય અભિવ્યક્તિમાં-સમજવા-સમજાવવામાં સ્પષ્ટતા લાવી શકાય નહીં.